
## વડીલોને વંદન અભિનંદન


કિશોરચંદ્ર છગનલાલ વ્યાસ
(૧૯૨૭)ફોન:૨૩૨૧૦૫૭૯


ડાહીબેન કાંતિભાઈ પટેલ
(૧૯૪૬)ફોન:૨૩૨૬૦૬૨૭


મુકેશભાઈ વલ્લભભાઈ ખમાર
(૧૯૫૬)ફોન:૨૩૨૨૪૩૦૪

# વણકર સમાજનો અવાજ દબાવવા મંત્રીએ ગુંડા તત્વો હાજર રાખ્યાનો આક્ષેપ

## પાલડી ખાતેના કાર્યક્રમમાં વણકર સમાજ દેખાવો કરવાના હોઈ મંત્રી રમણલાલ વોરા દ્વારા ગુંડાઓ હાજર રખાયાનો વણકર સમાજે આક્ષેપ કર્યો

ગાંધીનગર, તા. ૨

છેલ્લા કેટલાય સમયથી વણકર ભવન માટે જમીનની માંગણી સાથે ગાંધીનગર વણકર સમાજ દ્વારા આંદોલન ચલાવાઈ રહ્યું છે. પરંતુ સરકાર દ્વારા તેમને મચક આપવામાં આવી નથી. આથી તેમની રજૂઆત કરવા વણકર સમાજે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા સમક્ષ દેખાવો કરવાના ઈરાદે તા. ૧લી જાન્યુઆરીએ અમદાવાદના ટાગોર હોલ ખાતેના એક સરકારી કાર્યક્રમના સમયે પહોંચી ગયા હતા. વણકર સમાજ તેના દેખાવો ના કરી શકે માટે મંત્રી રમણલાલ વોરા દ્વારા ગુંડાતત્વોને શસ્ત્રો સહિત હાજર રખાયાનો વણકર સમાજ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.

વણકર સમાજની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ મંત્રી દ્વારા સમાજના કાર્યકરો દેખાવો કરી ના શકે તે માટે આશરે ૨૦૦ જેટલા અસામાજીક તત્વોને હાજર રખાયાની માહિતી મળી હતી. આ કારણથી શાંત દેખાવો કરવાના આશયે ગયેલા સમાજના કાર્યકરોએ તેમની સ્ટ્રેટેજી બદલીને સરકારી કાર્યક્રમ પુરો થયા બાદ મંત્રીના વિદાય સમયે પોલીસની હાજરીમાં રમણલાલ વોરા સમક્ષ સુત્રોચ્ચાર દ્વારા દેખાવો કર્યા હતા. આમ પોલીસની હાજરીને કારણે હાજર રખાયેલા ગુંડાતત્વો પણ કાંઈ કરી શક્યા નહોતા તેમજ દલિતોના અવાજને દબાવી શક્યા નહોતા પરંતુ સરકારના મંત્રી દ્વારા આ કક્ષાએ ઉતરી આવવાની બાબતની ગંભીર નોંધ લઈ વણકર સમાજે તેમનો બહિષ્કાર કરવાની કાર્યવાહી શરૂ કર્યુ હોવાનું જણાવ્યું હતું.


શાહીબાગ પોલીસ સ્ટેડિયમમાં હોર્સ શોને લઈને પ્રેક્ટીસ ચાલી રહી છે.


સેટેલાઈટ પોલીસ દ્વારા સફાઈ કામદારોની ધરપકડ કરાતા સફાઈ કર્મચારીઓ દ્વારા દેખાવો કરાયા હતા.

# ગાંધીનગરની શાહપુર ચોકડી પાસે હીટ એન્ડ રન...!!

## ધોળાકુવાનો યુવાન રસ્તો ઓળંગી રહ્યો હતો ને અજાણ્યો વાહન ચાલક તેને કચડીને ફરાર થઈ ગયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીકના ધોળાકુવા ગામમાં રહેતો યુવાન ગઈ મોડી સાંજે શાહપુર ચોકડી ધોળાકુવા માર્ગ ઓળંગી રહ્યો હતો તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલા અજાણ્યા વાહન ચાલકે યુવાનને અડફેટે લઈને કચડી નાંખતાં તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. યુવાનને મોતને ઘાટ ઉતારી વાહન લઈને ચાલક પળવારમાં જ ફરાર થઈ ગયો હતો. ગાંધીનગરમાં બનેલા હીટ એન્ડ રન કેસથી ચકચાર મચી જવા પામી છે. તેની ઝીણવટભરી તપાસ સે-૭ પોલીસે શરુ કરી છે. પોલીસે સીસીટીવી કેમેરાના ફુટેજ મંગાવીને આરોપીની તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ધોળાકુવા ગામમાં રહેતા ૪૦ વર્ષીય લાખાજી બદાજી ઠાકોર ગઈ મોડી સાંજે સાડા નવ વાગ્યાના અરસામાં શાહપુર ચોકડીથી ધોળાકુવા તરફ જતા માર્ગને ઓળંગી રહ્યો હતો તે દરમિયાન એક વાહન ધુમ સ્પીડે ત્યાંથી નીકળ્યું અને તેનો ચાલક યુવાનને આંખના પલકારામાં ઉડાવીને ફરાર થઈ ગયો હતો લાખાજીને મોતને ઘાટ ઉતારી કયું વાહન કયાં ફરાર થઈ ગયું તે આસપાસથી પસાર વાહનચાલકો કે રાહદારીઓને પણ ખબર પડી ન હતી. ઘટના સ્થળે જ મોતને ભેટેલા યુવાનનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી સે-૭ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી તેને શોધી કાઢવા તપાસ આરંભી છે. તપાસનીશ અધિકારીના જણાવ્યા મુજબ હિટ એન્ડ રનના આરોપીને શોધી કાઢવા સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચેક કરવામાં આવી રહ્યા છે.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની કારોબારી સમિતિની બેઠક ૫મી જાન્યુઆરીએ મળશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૨૬મી જાન્યુઆરીના રોજ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તેમજ સ્નેહમિલન કાર્યક્રમ યોજવાનો હોઈ તેના આયોજન બાબતે જરુરી ચર્ચા વિચારણા કરવા માટે ટ્રસ્ટની કારોબારી મીટીંગ તા. ૫મી જાન્યુઆરી રવિવારના રોજ બપોરે ૪-૦૦ કલાકે સેકટર-૭ના બગીચા ખાતે રાખવામાં આવેલ છે. આ મીટીંગમાં તમામ કારોબારી સમિતિના સભ્યો તેમજ હોદ્દેદારોએ અચૂક હાજર રહેવા તાકીદ કરાઈ છે. તેજસ્વી વિદ્યાર્થીને સન્માનવા અંગેના ફોર્મ સેકટરના પ્રતિનિધિ પાસેથી મેળવી પૂર્ણ વિગતો ભરી ટ્રસ્ટના પ્રમુખ સુમંત મકવાણાને પ્લોટ નં. ૩૯૪/૧ સે-૨-બી ખાતે પહોંચાડવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# પ્રદીપ શર્મા બદનક્ષી દાવો આખરે કોર્ટે સ્વીકારી લીધો

અમદાવાદ, તા.૦૨

દિલ્હીની સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વર સામે સસ્પેન્ડેડ ઉચ્ચ પોલીસ અધિકારી પ્રદીપ શર્મા દ્વારા દાખલ બદનક્ષીની ફરિયાદમાં જ્યુડિક્શન નક્કી કરી દીધું છે. ઉપરાંત બદનક્ષીના દાવાને પણ અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે સ્વીકારી લીધું છે. કોર્ટે ફરીયાદીને વધુ પુરાવા સાથે હાજર રહેવા ફરમાન કર્યું છે. આ કેસની વધુ સુનાવણી આગામી ૧૮મી જાન્યુઆરીએ હાથ ધરાશે. હવે દિલ્લીની સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વર સામે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં બદનક્ષીનો કેસ ચાલશે. ગુજરાત સરકાર દ્વારા માધુરીની જાસૂસી કરવાના મુદ્દે માહિતી જાણતા હોવાની શંકાના આધારે વિવિધ કારણોસર સસ્પેન્ડ કરાયેલા આઈપીએસ ઓફિસર પ્રદીપ શર્મા વિરૂદ્ધ સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વર દ્વારા જાહેરમાં તેમજ ટ્વીટર પર અભદ્ર ટિપ્પણી કરવા બાબતે પ્રદિપ શર્મા દ્વારા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં કરાયેલ બદનક્ષીની ફરિયાદમાં કોર્ટે જ્યુડીક્શન મામલે પ્રદીપ શર્માના વકીલે ધારદાર દલીલો કરી હતી. કોર્ટના જજ એચ.જી. પંડ્યાએ જ્યુડીક્શન નક્કી કરવા અર્થે અરજદારના વકીલ પાસે પુરાવા માંગ્યા હતા જેમાં વકીલે સીએનએન, આઈબીએન ટીવી ચેનલમાં પ્રકાશિત એપિસોડની સોફ્ટ કોપી પેનડ્રાઈવમાં જજને આપી હતી. જજે બદનક્ષીના દાવાને અપાયેલ પુરાવાના આધારે સ્વીકારી લીધુંછે. અને આગામી ૧૮મી જાન્યુઆરીએ ફરીયાદીને વધુ પુરાવા સાથે કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે માધુરી જાસૂસી પ્રકરણમાં ગુજરાત સરકાર સામે પડેલા સસ્પેન્ડેડ આઈપીએસ ઓફિસર પ્રદીપ શર્મા વિરૂદ્ધ સામાજીક કાર્યકર મધુ કિશ્વરે જાહેરમાં અને ટ્વિટર પર કોમેન્ટ કરી હતી કે પ્રદીપ શર્મા ભ્રષ્ટાચારી અને ચારિત્ર્યહીન છે. કિશ્વર દ્વારા પ્રદીપ શર્મા વિરૂદ્ધ બોલાયા બાદ અમદાવાદના થલતેજમાં રહેતી પ્રદીપ શર્માની બહેન નિલમ શર્માએ સમગ્ર ઘટના અંગે પોતાના ભાઈને જાણ કરી હતી ત્યારબાદ પ્રદીપ શર્માએ સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વરે ૨૨ નવેમ્બરે નોટિસ ફટકારી જાહેરમાં અભદ્ર ટિપ્પણી કરવા બદલ ખુલાસો કરવા જણાવ્યું હતું. મધુ કિશ્વરે પ્રદીપ શર્માની નોટિસ અંગે કોઈ પ્રતિક્રિયા ન આપતા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આઈપીસી-૪૯૯ હેઠળ બદનક્ષીની ફરિયાદ દાખલ કરી છે અને આઈપીસી-૫૦૦ હેઠળ સજા થાય તેવી માંગ કરી હતી.

## ઘરફોડ, વાહનચોરીના શહેરમાં ૩ બનાવો બન્યા

અમદાવાદ, તા.૦૨

નવા વાડજના શંકરનગર સોસાયટીમાં રહેતા અમરીશભાઈ પટેલે નારણપુરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે ગતરાત્રીના ૨:૦૦ વાગ્યાથી ૩:૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના રૂપિયા ૭૦,૦૦૦ મતાની ચોરી કરી લઈ ગઈ છે. નરોડાના ગણેશ સોસાયટીમાં રહેતા પાર્થભાઈ શાહ તા. ૨૭ ડિસેમ્બરના સાંજના સમયે પાયલનગર બગીચાના મેઈન ગેટ પાસે પોતાની મોટર સાયકલ પાર્ક કરી હતી, જેની ચોરી અડધા કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ પાર્થભાઈએ નરોડા પોલીસ મથકમાં નોંધાવી છે. નિર્ણયનગરના નંદનવન આવાસ યોજનામાં રહેતા વિપુલભાઈ દરજી તા. ૧૭ ડિસેમ્બરના રાતના સમયે પોતાના ઘર નજીક મોટર સાયકલ પાર્ક કરી હતી,

# મહેસાણા-બેચરાજી રોડ પર અકસ્માત : બેના કરૂણ મોત

## ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં દાખલ કરાયા

અમદાવાદ, તા.૦૨

મહેસાણા-બેચરાજી રોડ પાસેના સામેત્રા ગામ પાસે સ્કોર્પિયો ગાડી અને લોડીંગ ટેમ્પા વચ્ચે આજે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક બાળક સહિત બેના મોત નિપજ્યાં હતા જ્યારે છ વ્યક્તિને ઈજા થઈ હતી.

અકસ્માત સર્જાયા બાદ ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. અકસ્માત અંગે તરત પોલીસ અને ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. સ્થાનિક લોકો પણ પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જ્યારે પોલીસે અકસ્માતના મામલામાં જરૂરી તપાસ હાથ ધરી હતી. અકસ્માત માટેનું કારણ જાણી શકાયુ નથી પરંતુ ટેમ્પા અને સ્કોર્પિયો ગાડી ધડાકા સાથે ટકરાઈ હતી. બેદરકારી મુખ્યરીતે જવાબદાર હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળી રહ્યુ છે. અકસ્માતમાં ગંભીર ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, આજે સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ મહેસાણા-બેચરાજી રોડ પર થયેલ અકસ્માતમાં ભીમર મની કરણ તથા કશ્યપ ગિરિરાજ મુસદ્દીલાલનું નોત નિપજ્યું હતું. જ્યારે છ લોકો ગંભીરરૂપથી ઈજાગ્રસ્ત થયા છે. સામેત્રા ગામ પાસે મહેસાણા-બેચરાજી રોડ પર ટ્રક ધીમે સાઈડમાં જઈ રહી. ત્યારે ટ્રક અને પછી રીક્ષા પાછળ ફુલ સ્પીડમાં સ્કોર્પિયો આવી રહી હતી જે ઓવરટેક કરવા જતાં રીક્ષાને ટક્કર વાગી હતી જેને કારણે આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી જઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ સેકટર-૧૭ના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓને સન્માન અને દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ પુરા કરનાર વડીલોને અભિવાદન કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

આ સ્નેહમિલન સમારંભમાં પ્રજાપતિ સમાજના વિવિધ આગેવાનો અને મોટી સંખ્યામાં સમાજના સભ્યો પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ખાખરિયા છાસઠ પ્રજાપતિ સમાજના પ્રમુખ ભરતભાઈ પ્રજાપતિ સમારંભના પ્રમુખ તરીકે અને પ્રો. બી.કે. પ્રજાપતિ સમારંભના ઉદઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સોહમ હોસ્પિટલના ડૉ. રાજેશ પ્રજાપતિ તેમજ શાંતિલાલ પ્રજાપતિ, ભરતભાઈ પ્રજાપતિ અને ભાવિન પ્રજાપતિ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. સમાજના પ્રમુખ પોપટલાલ પ્રજાપતિએ સૌનું સ્વાગત કરી સમાજની પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો અને બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રોગ્રામ રજુ કર્યા હતાં.

### ખાસ બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવનિર્મિત ટ્રાફિક સિગ્નલોની યોજના પણ લાખોના ખર્ચ બાદ નિષ્ફળ નવડી છે. માર્ગ સલામતી માટે ટ્રાફિક બ્રિગેડની રચના રોડ સેફટી માટે ઉપયોગી નિવડી છે. જેમાં ૯૦ જેટલા જવાનોને ડયુટી સોંપવામાં આવી છે પરંતુ રોડ સેફટી માટે વધુ અસરકારક આયોજન કરવાની અનિવાર્યતા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર ઉપરાંત અડાલજ, કલોલ અને દહેગામ સહીતના વિસ્તારમાં માર્ગ સલામતીના વિકટ પ્રશ્નને હલ કરવા જિલ્લા પોલિસ વડા શરદસિંઘલે આગામી તા. ૧૦ જાન્યુઆરી રોજ બપોરે ૪ કલાકે એક બેઠકનું આયોજન કર્યુ છે. જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વિચાર વિમર્શ કરવામાં આવશે.

### રણોત્સવમાં રંગ જમાવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાસ, બેડા ગરબો અને ફિનાલે જેવા કાર્યક્રમો રજુ કરી પ્રેક્ષકોની દાદ મેળવી હતી. શહેરના કલાકારો અંકિત પટેલ, મીલન પટેલ, મેહુલ ભોજક, જીનલ દખણી, ભાવેશ, અનૂપા પંડ્યા, મીતી ભટ્ટ, નિર્ઝરી ભાવસાર, વૈદેહી પંડ્યા, ઈવા ભટ્ટ, ઉષા પ્રજાપતિ, ઈશાની જોષી, દિવ્યા પંડ્યા, શ્વેતા પરમાર, ફોરમ તન્ના, મોનીકા ભાટીયા, ભૂમા દવે, હિરવ અને વિધિએ લોકનૃત્યોની પ્રસ્તુતિમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખ તથા અનુપા પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

### સામાન્ય સભા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે બન્ને પક્ષના આગેવાનો હજુ રણનીતિ અંગે મૌન સેવી રહ્યા છે.

આ બેઠકમાં રેતી કાંકરીના કામોને વહીવટીય મંજૂરી ઝડપથી મળે તે માટે રજુઆત કરાશે. આ ઉપરાંત જે સભ્યોએ તેમના વિસ્તાર માટે વિકાસ કામો સૂચવ્યા છે તે આ માસમાં જ ચાલુ થાય તેવો આગ્રહ પણ સભ્યો દ્વારા કરાશે કારણ કે નહિતો ચૂંટણીની આચાર સંહિતાનું ગ્રહણ લાગતાં તેના પર વિપરીત અસરો પડી શકે તેમ છે.

પ્રમુખ સ્થાનેથી પણ એક-બે બાબતો રજુ થશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને જિલ્લા આયોજન સમિતિની બેઠક તાકીદે બોલાવવામાં આવે અને તેના કાર્યક્ષેત્ર વિશે સભ્યોને જાણકારી આપવામાં આવે તેવો પ્રસ્તાવ પ્રમુખ સ્થાનેથી રજુ થાય તેવી શક્યતાઓ છે.

# મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે આધારકાર્ડ રજીસ્ટ્રેશન કેમ્પ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સે. ૨૧ ખાતે આવેલા મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે શુક્રવાર દિનાંક ૩ જાન્યુઆરીથી ૧૩મી તારીખ સુધી દસ દિવસ આધારકાર્ડ નોંધણીના કેમ્પનું આયોજન કરાયું છે.

આ દસ દિવસ દરમ્યાન રોજ સવારના ૧૧ થી ૫ આધારકાર્ડનું કામકાજ થશે. સે. ૨૧ની આસપાસ રહેતા તેમજ શહેરના બાકી રહી ગયેલા નાગરીકો અહીંથી એમનું આધારકાર્ડ કઢાવી શકશે.

આધારકાર્ડ કઢાવવા માટે રહેઠાણ અને ફોટો આઈડી લાવવાનું રહેશે જેમાં પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાન કાર્ડ, ઈલેક્શન કાર્ડ એ ફોટો આઈડી માટે અને રેશનકાર્ડ, ઈલેક્ટ્રીસીટી બીલ રહેઠાણના પુરાવા માટે અને બાળકો માટે સ્કૂલ બોનાફાઈડે સર્ટી લઈને આવવાનું રહેશે. એક ભારત એક ઓળખના અભિયાન સમુ આધારકાર્ડ સૌએ કઢાવી લેવા મહારાષ્ટ્ર સમાજના પદાધિકારીઓએ શહેરીજનોને અપીલ કરી છે.

### નાટક રજૂ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અદિતિ ત્રિવેદી, રોઝલીન વિક્ટર, પ્રફુલ્લા ખંધડિયા, વિભા ઠક્કર, નાલંદા દવે, મોહિત બત્રા, ભાવેશ વાયડા, અંશવ વાયડા, કૌશિક ગાંધર્વ, નિહાર દવે, પાર્થ કનીજીયા, ધવલ ઠક્કર, જીગર પંડ્યા, દિલીપ પટેલ, તીર્થ કંસારા, નિરવ વૈદ્ય, અને જય દવે અભિનયના અજવાળા પાથરશે. નાટકના લેખક ડાહ્યાભાઈ ઝવેરી છે તથા પરીકલ્પના રાજુ શુક્લની છે. નાટક રસિકો તથા કલાપ્રેમીઓને આ નાટક માણવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઓગણજ ગામના ખેડૂતો સરકારની ખોટા અર્થઘટન વાળી નીતિ અને નિયમોને કારણે સ્થાનિક ખેડૂતો ભારે મુશ્કેલીમાં મૂકાયા છે

અમદાવાદને અડીને આવેલા સરદાર પટેલ રીંગરોડ નજીક ઓગણજ ગામના ખેડૂતો સરકારના ખોટા અર્થઘટન વાળી નીતિ અને નિયમોને કારણે ખાસ કરીને સ્થાનિક ખેડૂતો ભારે મુશ્કેલીમાં મૂકાયા છે. જેમાં સરકારે આ જમીનનું એન.એ. બંધ કરેલ છે. ખેડૂતોને વડીલો પાર્જીત જમીનોમાં કરોડો રૂપિયાનું પ્રીમિયમ ભરવું પડે તેવા સંજોગોનું નિર્માણ જેવી સ્થિતિ ઊભી થયેલ છે.

ઓગણજ ખેડૂત હિતરક્ષક સમિતિના આગેવાનો એ આ અંગેની માહિતી પત્રકારને આપતા જણાવ્યું હતું કે અમદાવાદ શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં ઓગણજ ગામમાં કુલ ૩૬૦૨ એકર જમીન આવેલી છે. આ વિસ્તારની જમીન ૧૯૫૬માં પ્રત્યેક કબજેદારની નોંધ ગામના નમૂના નંબર-૬ માં નોંધ નંબર-૧ થી ૩૮૧ પડેલ છે. જેમાં નોંધ નંબર ૩૮૧ માં સરકારી ખરાબા ગૌચર સ્મશાન ગામ તળાવની છે. સદર નોંધ નં. ૧ થી ૩૮૧ જે તે વખતના રેવન્યુ સમક્ષ અધિકારીશ્રીએ નોંધ મંજૂર કરેલ છે. શેરાના કોલમમાં નવી શરત હોવાથી કોઈ નોંધ થયેલ નથી. તેમજ જે નવી શરતના નંબર હતા તે જે તે ખેડૂતને નવી શરતે જ મળેલ છે. તેમજ આ પૈકી ની ઘણીખરીની જમીનોમાં ગીરોની નોંધ થયેલ છે. જે નવી શરતમાં થઈ શકે નહીં. ૧૯૫૬માં લખેલ પ્રત્યક્ષ કબજેદારના રેકર્ડ પહેલા પણ માલિક તરીકે જે તે શરતે ખેડૂતોના નામ હતા.

ઈમાની ધારો ૧૯૫૨માં અમલમાં આવતી ઈનામી નાબુદી ધારાની કલમ-૪ હેઠળ તમામ પ્રકારના ઈનામો દૂર થયા છે. ઈનામી જમીનના ધારણ કરનારને ખાતેદાર તરીકે જમીન મહેસૂલ ભરવાની પ્રથમ જવાબદારી અને જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ હેઠળની તમામ જવાબદારી અને હક્કો આપવામાં આવ્યા છે. ઈનામી ધારાની નાબુદી કલમ ૪ અને ૫ ની જોગવાઈઓને ધ્યાને લેતા આ જમીનોના વેચાણ ગીરોમાં કોઈ નિયંત્રણ લાગુ પડતા નથી. જેથી આ જમીન જૂની શરતની છે. પરંતુ સરકારે પોતાની રીતે અર્થઘટન કરીને આ જમીન નવી શરતની માની લીધી છે. જે તદ્દન અવાસ્તવિક અને ગેરકાયદેસર છે. જો નવી શરતની જમીન કરવામાં આવે તો ખેડૂતોને કરોડો રૂપિયાનું પ્રીમિયમ જંત્રી પ્રમાણે ભરવું પડે.


### વિશ્વાસ મત જીતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે પક્ષોની રાજનીતિ રમી રહ્યા નથી. અમારી લડાઈ ઈમાનદારીથી ચાલતી રાજનીતિને સ્થાપિત કરવાની છે. દેશમાં ખરાબ રાજનીતિના પરિણામસ્વરૂપે હાલત કફોડી થયેલી છે. અગાઉ એએપીના નેતા

મનિષ સિસોદિયાએ વિધાનસભાના મંચ પર અવિશ્વાસ દરખાસ્ત રજુ કરી હતી અને રાજકીય મતભેદોથી ઉપર ઉઠીને આગળ વધવા તમામને અપીલ કરી હતી. દિલ્હીના લોકો માટે વૈકલ્પિક સરકારની વાત કરી હતી. વિશ્વાસ મત રજુ કરતા મનિષ સિસોદિયાએ કહ્યુ હતુ કે અહીં બેસેલા વ્યક્તિગત ધારાસભ્ય દિલ્હીના લોકો છે. તેમણે એમ પણ કહ્યુ હતુકે દેશના લોકો રાહ જોઈ રહ્યા છે. લાંબી ચર્ચા વિશ્વાસમત દરમિયાન ચાલી હતી. આશરે છ કલાક સુધી આ ચર્ચા ચાલી હતી. ઉગ્ર ચર્ચા દરમિયાન આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર ચાલ્યો હતો. કેજરીવાલે જવાબની શરૂઆત કરતા કહ્યુ હતુ કે આજે આમ આદમી ભ્રષ્ટાચારથી દુ:ખી છે. ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવા અમે કટિબદ્ધ છીએ. વિશ્વાસમતની તરફેણમાં ૩૭ અને વિરોધમાં ૩૨ મત પડ્યા હતા. કેજરીવાલે આમ આદમી પાર્ટીની નવી પરિભાષા ઉભી કરી છે. કેજરીવાલે કહ્યુ હતુકે ભાજપ સહિત રાજકીય પક્ષો સામાન્ય લોકોને આમ આદમી ગણે છે. પરંતુ તેઓ માને છે કે ઈમાનદાર વ્યક્તિ આમ આદમી છે. આમ આદમી ભ્રષ્ટાચારથી દુ:ખી છે. કેજરીવાલે કહ્યુ હતુ કે દિલ્હીમાં ભ્રષ્ટાચારીઓ સામે કઠોર કાયદા બનાવવામાં આવશે. ભ્રષ્ટાચારીઓને તરત જેલ ભેગા કરવામાં આવશે. કેજરીવાલે એક પછી એક ઘણા મુદ્દા ઉઠાવ્યા હતા.

## શબ્દાવલી - ૫૨૭૬



### આડી ચાવી

૧. પાળનાર, પોષનાર (૩)
૩. મજાક, મશ્કરી (૪)
૬. ગોઠવણ, સુશોભન કળા(૪)
૭. લાલ-લીલો-પીળો વગેરે.... કહેવાય (૨)
૮. કબ્જે લીધેલું (૨)
૯. તેલીબીયાં (૨)
૧૧. ગરીબ, બિચારું (૨)
૧૪. શાંતિ, કુશળતા (૨)
૧૫. પાણી પીવાની ધર્માદાની જયા (૩)
૧૭. પહોંચવા (ગામઠી શબ્દ)(૩)
૧૮. શ્રીકૃષ્ણનું એક નામ (૪)
૧૯. હજામ, વાળંદ (૨)

### ઊભી ચાવી

૧. પવિત્ર કરનાર (૩)
૨. શરીરને સ્ફૂર્તિલુ રાખવા કરાતો દાવ (૪)
૩. સમીર, હવા (૩)
૪. અરજી (૨)
૫. પુરૂ, ખતમ (૩)
૮. જીદ્દ, હઠ (૨)
૧૦. નીચતા, તુચ્છતા (૩)
૧૨. કુબેર (૪)
૧૩. નાહવાનું પહોળું વાસણ(૨)
૧૪. ચેલો, શિષ્ય (૩)
૧૫. શરીરનો ચાલવાનો અવયવ (૨)
૧૬. ... થવું, જવું, વિદાય થવું (૩)

### શબ્દાવલી ૫૨૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) દબદબો (૪) ચોસલું (૬) ફરાસ (૭૦ નાડ (૮) ભરમાર (૧૦) કવચ (૧૧) તલ (૧૨) જતિ (૧૪) સંકર (૧૫) તક (૧૬) ચણ (૧૭) વાદી (૧૮) વડ (૧૯) રોમ

**ઊભી ચાવી :-** (૧) દફનાવું (૨) બરાડ (૩) દસ (૪) ચોસર (૫) લુહાર (૮) ભચડભચડ (૯) માવજત (૧૦) કલર (૧૧) તકવાદી (૧૩) તિકડમ